આજની મેચ KKR v/s PBSK ▶ સમયઃ સાંજે 7.30 વાગ્યે ▶ સ્થળઃ કોલકાતા

ટીમ	મેચ	જીત	હાર	પોઈન્ટ	રન રેટ
GT	08	06	02	12	1.104
DC	08	06	02	12	0.657
RCB	09	06	03	12	0.482
MI	09	05	04	10	0.673
PBKS	08	05	03	10	0.177
LSG	09	05	04	10	-0.054
KKR	08	03	05	06	0.212
SRH	09	03	06	06	-1.103
RR	09	02	07	04	-0.625
CSK	09	02	07	04	-1.302

સનરાઈઝર્સ આઠ બોલ બાકી રાખી જીત્યું, CSKની સાતમી હાર

સીએસકે વતી પોતાની પહેલી મેચ રમનારા ડેવાલ્ડ બ્રેવિસની ઇનિંગથી ચેન્નાઇએ 154 રન બનાવ્યા

સનરાઇઝર્સ વતી હર્ષલે ચાર વિકેટ લીધી, ઇશાન અને મેન્ડિસની ઇનિંગથી સનરાઇઝર્સ પાંચ વિકેટે જીત્યું

2019 પછી પહેલીવાર ચેન્નાઇ સુપર કિંગ્સની ટીમ ચેપોકના મેદાન પર ઓલઆઉટ થઇ

ચેન્નાઇ, તા. 25 : આઈપીએલમાં આજે અહીં રમાયેલી બંને ટીમ માટે મહત્વની એવી મેચમાં હર્ષલ પટેલની જોરદાર બોલિંગ વચ્ચે ઘાયલ ઋતુરાજના રિપ્લેસમેન્ટ તરીકે ટીમમાં સામેલ થયેલા દક્ષિણ આફ્રિકન ડેવાલ્ડ બ્રેવિસની 42 રનની ઈનિંગ ને પગલે ચેન્નાઈ સુપર કિંગ્સની ટીમ 19.5 ઓવરમાં 154 રને ઓલઆઉટ થઈને મૂકેલા 155 રનના લક્ષ્યાંકને ઈશાન કિશનની 44 અને કામિન્દુ મેન્ડિસની 32 રનની નોટઆઉટ ઈનિંગની મદદથી સનરાઈઝર્સ હૈદરાબાદે 18.4 ઓવરમાં પાંચ વિકેટે લક્ષ્યાંક આંબી લીધો હતો. તેની સાથે સીએસકેનો આ સાતમો પરાજય થયો હતો.

ટોસ હારીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી સીએસકેની શરૂઆત સાવ ખરાબ રહી હતી, જો કે તેના વતી 17 વર્ષિય આયુષ મહાત્રેએ બેટિંગ માટે મુશ્કેલ વિકેટ પર શરૂઆતમાં ધમાધમી બોલાવીને 19 બોલમાં 30 રન ફટકારીને સ્થિતિ સુધારી હતી. તે આઉટ થયો ત્યારે જો કે ટીમનો સ્કોર ત્રણ વિકેટે 47 રન હતો. સીએસકે વતી પોતાની પહેલી મેચ રમી રહેલા ડેવાલ્ડ બ્રેવિસે 25 બોલમાં ચાર છગ્ગા અને એક ચોગ્ગા સાથે 42 રન કર્યા હતા. કામિન્દુ મેન્ડિસે પકડેલા એક જોરદાર કેચને કારણે તેની ઈનિંગનો અંત આવ્યો હતો. અંતિમ ઓવરોમાં દીપક હુડાએ 22 રન કરીને ટીમને 154 રન સુધી પહોંચાડી હતી. હૈદરાબાદ તરફથી હર્ષલ પટેલે ચાર, પેટ કમિન્સ અને જયદેવ ઉનડકટે બે-બે જ્યારે મહંમદ શમી અને કામિન્દુ મેન્ડિસને એક-એક વિકેટ લીધી હતી.

ચેન્નાઇ સુપર કિંગ્સ	રન	બોલ	4	6
રશીદ કો.અભિષેક બો.શમી	0	1	0	0
આયુષ કો.ઇશાન બો.કમિન્સ	30	19	6	0
કરન કો.વર્મા બો.હર્ષલ	9	10	1	0
જાડેજા બો.મેન્ડિસ	21	17	1	1
બ્રેવિસ કો.મેન્ડિસ બો.હર્ષલ	42	25	1	4
દુબે કો.અભિષેક બો.ઉનડકટ	12	9	2	0
હુડા કો.અભિષેક બો.ઉનડકટ	22	21	1	1
ધોની કો.અભિષેક બો.હર્ષલ	6	10	1	0
કંબોજ કો.ક્લાસેન બો.કમિન્સ	2	4	0	0
નૂર કો.શમી બો.હર્ષલ	2	3	0	0
ખલીલ નોટઆઉટ	1	2	0	0
વધારાના	7			
કુલ (19.5 ઓવરમાં ઓલઆઉટ)	154			

વિકેટપતન : 1/0, 2/39, 3/47, 4/74, 5/114, 6/118, 7/131, 8/134, 9/137, 10/154

બોલિંગ	O	M	R	W
મહંમદ શમી	3	0	28	1
પેટ કમિન્સ	4	0	21	2
જયદેવ ઉનડકટ	2.5	0	21	2
હર્ષલ પટેલ	4	0	28	4
ઝીશાન અન્સારી	3	0	27	0
કામિન્દુ મેન્ડિસ	3	0	26	1

સનરાઇઝર્સ હૈદરાબાદ	રન	બોલ	4	6
અભિષેક કો.આયુષ બો.ખલીલ	0	2	0	0
હેડ બો.કંબોજ	19	16	4	0
ઇશાન કો.કરન બો.નૂર	44	34	5	1
ક્લાસેન કો.હુડા બો.જાડેજા	7	8	1	0
અનિકેત કો.હુડા બો.નૂર	19	19	0	2
મેન્ડિસ નોટઆઉટ	32	22	3	0
નીતિશ નોટઆઉટ	19	13	2	0
વધારાના	15			
કુલ (18.4 ઓવરમાં પાંચ વિકેટે)	155			

એમએસ ધોની 400 ટી-20 મેચ રમનારો ચોથો ભારતીય ખેલાડી બન્યો

ચેન્નાઇ, તા.25 : ચેન્નાઈ સુપર કિંગ્સ (સીએસકે) નો કેપ્ટન એમએસ ધોની આજે સનરાઇઝર્સ હૈદરાબાદ સામે આઇપીએલ મેચ રમવા ઉતર્યો તેની સાથે જ ટી-20 ક્રિકેટમાં 400 મેચ રમનારાઓની યાદીમાં જોડાઇ ગયો છે. તે આવું કરનાર ચોથો ભારતીય ક્રિકેટર બન્યો હતો. આ યાદીમાં રોહિત શર્મા 456 મેચ રમીને ટોચ પર છે, ત્યારબાદ 412 મેચ સાથે દિનેશ કાર્તિક બીજા અને 407 મેચ સાથે વિરાટ કોહલી ત્રીજા સ્થાને છે. ધોનીએ ભારતીય ટીમ માટે 98 ટી-20 ઇન્ટરનેશનલ મેચ, 273 આઈપીએલ મેચ અને 24 ચેમ્પિયન્સ લીગ ટી-20 મેચ રમી છે. આ ઉપરાંત, તે ઘરેલુ ક્રિકેટમાં ઝારખંડ માટે ઘણી ટી-20 મેચ પણ રમ્યો છે.

વિકેટપતન : 1/0, 2/37, 3/54, 4/90, 5/106

બોલિંગ	O	M	R	W
ખલીલ અહેમદ	3	0	21	1
અંશુલ કંબોજ	3	0	16	1
નૂર અહેમદ	4	0	42	2
રવિન્દ્ર જાડેજા	3.4	0	22	1
સેમ કરન	2	0	25	0
મથિશા પથિરાના	3	0	27	0

KKR સામે આજે પંજાબ કિંગ્સને જીતાડી શ્રેયસ અય્યર પ્લેઓફ ભણી આગળ વધારવા માગશે

શ્રેયસ ઐયરની ઇડન ગાર્ડન્સમાં વાપસી પરંતુ KKRનું નહીં પણ પંજાબ કિંગ્સનું નેતૃત્વ કરશે

સાંજે 7.30 વાગ્યાથી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટસ અને લાઇવ સ્ટ્રીમીંગ જીયો હોટસ્ટાર પર

કોલકાતા, તા. 25 (પીટીઆઈ) : એક સીઝન પહેલા કોલકાતા નાઈટ રાઈડર્સને ચેમ્પિયન બનાવનાર શ્રેયસ ઐયરની ઇડન ગાર્ડનમાં વાપસી થઇ છે, જો કે હવે તે પંજાબ કિંગ્સનું નેતૃત્વ કરીને આવતીકાલે શનિવારે અહીં રમાનારી મહત્વપૂર્ણ આઈપીએલ મેચમાં કેકેઆર માટે પ્લેઓફ ક્વોલિફિકેશનના માર્ગમાં સૌથી મોટો અવરોધ બનશે.

બાર મહિના પહેલા, શ્રેયસની કેપ્ટનશીપ હેઠળ, કેકેઆરે એક દાયકા પછી તેનું પ્રથમ આઇપીએલ ટાઇટલ જીત્યું હતું. હવે આવતીકાલે શનિવારે, તે હરીફ ટીમની જર્સી પહેરીને પંજાબ કિંગ્સને પ્લેઓફમાં ભણી આગળ વધારવા માટે આત્મવિશ્વાસથી ભરપૂર હશે. કેકેઆરે તેને રિલીઝ કરીને બધાને ચોંકાવી દીધા પરંતુ શ્રેયસ પંજાબ કિંગ્સની કેપ્ટનશીપનો આનંદ માણી રહ્યો છે. દિલ્હી કેપિટલ્સના માર્ગદર્શક રિકી પોન્ટિંગ સાથે મળીને, શ્રેયસે પંજાબને આઠમાંથી પાંચ મેચ જીતાડીને પોઈન્ટ ટેબલમાં પાંચમા સ્થાને પહોંચાડવામાં મદદ કરી હતી.

આ ભાગીદારીએ શ્રેયસને આત્મવિશ્વાસ સાથે કેપ્ટનશીપ કરવાની સ્વતંત્રતા પણ આપી, જેના કારણે તેણે અત્યાર સુધીમાં ત્રણ અડધી સદી સહિત 263 રન બનાવ્યા છે. હવે, તેની પાસે કેએલ રાહુલની જેમ બેટથી જવાબ આપવાની સુવર્ણ તક છે. કેકેઆર આઠમાંથી પાંચ મેચ હારી ગયું છે અને વધુ એક હારથી પ્લેઓફમાં પહોંચવાનો તેનો માર્ગ અશક્ય બની જશે. તેનો ટોપ ઓર્ડર સારું પ્રદર્શન કરી રહ્યો નથી અને મિડલ ઓર્ડર જવાબદારીપૂર્વક રમી શક્યો નથી. તેના ગઢ, ઇડન ગાર્ડન્સમાં સ્પિન આક્રમણ નિષ્ફળ ગયું છે. તેણે કોઈપણ ભોગે આગામી છમાંથી પાંચ મેચ જીતવી પડશે. કેકેઆરના મિડલ ઓર્ડર બેટ્સમેન આન્દ્રે રસેલ, રિંકુ સિંહ અને રમનદીપ ફિનિશિંગ ટચ આપી શક્યા નહીં, જેના કારણે ટીમમાં ફેરફાર કરવો પડી શકે છે. તેઓ હવે કેરેબિયન ઓલરાઉન્ડર રોવમેન પોવેલને મેદાનમાં ઉતારી શકે છે.

બાર્સેલોના અને રિયલ મેડ્રિડ વચ્ચે આજે કોપા ડેલ રેની અલ ક્લાસિકો ફાઇનલ

બંને સ્પેનિશ ટીમ મેદાને ઉતરશે ત્યારે તેમાં ટ્રોફી કરતાં ઘણું બધુ દાવ પર લાગેલું હશે

બાર્સેલોના, તા. 25 (એપી) : બાર્સેલોના અને રીઅલ મેડ્રિડ આવતીકાલે શનિવારે કોપા ડેલ રેની અલ ક્લાસિકો ફાઇનલમાં એકબીજા સામે બાથ ભીડશે ત્યારે આ મેચમાં સ્પેનિશ હરીફો માટે ટ્રોફી કરતાં બીજું ઘણું દાવ પર લાગેલુ હશે.

કોચ હેન્સી ફ્લિકની ડેબ્યૂ સિઝનમાં સંભવિત ત્રણ મુખ્ય ટાઇટલનો પહેલો ટુકડો બાર્સેલોના મેળવવા માગે છે. ટીમ લા લિગા જીતવા માટે ગતિશીલ છે, અને કપ ફાઇનલના ત્રણ દિવસ પછી તે ઇન્ટર મિલાન સામે ચેમ્પિયન્સ લીગની બે-લેગ સેમિફાઇનલ શરૂ કરશે. કાર્લો એન્સેલોટી માટે આ છેલ્લી ટ્રોફી પણ હોઇ શકે છે, જેમના વિશે ઘણા મેડ્રિડ નિરીક્ષકો અનુમાન કરે છે કે તેઓ સંભવતઃ બ્રાઝિલની રાષ્ટ્રીય ટીમની કમાન સંભાળવા માટે આ ઉનાળામાં પાવરહાઉસ છોડી શકે છે.

મેડ્રિડ પાસે કદાચ વધુ દાવ પર લાગેલું છે. ચેમ્પિયન્સ લીગમાંથી બહાર આ કપ તેના માટે કેટલીક સિલ્વરવેર સાથે અભિયાનને બચાવવાની શ્રેષ્ઠ તક છે. તે લા લીગામાં પણ જીવંત છે, પરંતુ પાંચ મેચો બાકી છે ત્યારે તેને બાર્સેલોના સામે ચાર પોઈન્ટની ખોટને સુધારવાની જરૂર છે. ઘરઆંગણે એક વધુ અલ ક્લાસિકો સામેલ છે.

ઈટાલિયન કપ ફાઈનલમાં બોલોગ્નાનો સામનો એસી મિલાન સામે

બોલોગ્ના અડધી સદી કરતાં પણ વધુ સમય પછી ઇટાલિયન કપની ફાઇનલમાં પહોંચ્યું

બોલોગ્ના (ઇટાલી), તા. 25 (એપી) : બોલોગ્નાએ ગઇકાલે ગુરુવારે એમ્પોલીને હરાવીને અડધી સદીથી વધુ સમયમાં પ્રથમ વખત ઇટાલિયન કપ ફાઇનલમાં પહોંચ્યું હતું. થીજ્સ ડાલિંગાના 87મી મિનિટના હેડરે બોલોગ્નાને 2-1થી જીત અપાવી હતી અને તેમણે બંને લેગ મળીને કુલ 5-1થી આગેકૂચ કરી હતી. જીઓવાન્ની ફેબિયને સાતમી મિનિટે હેડર વડે ગોલ કરીને બોલોગ્ના માટે શરૂઆત કરી હતી. ત્યારબાદ 30મી મિનિટમાં વિક્ટર કોવાલેન્કોએ રિબાઉન્ડમાં ટર્ન કરીને કાઉન્ટરએટેક પૂર્ણ કર્યો હતો. બોલોગ્ના પ્રથમ લેગ 3-0થી જીત્યો હતો.

રોમમાં 14 મેના રોજ રમાનારી ફાઈનલમાં, બોલોગ્ના એસી મિલાન સામે ટકરાશે, જેણે બુધવારે 3-0થી જીત મેળવીને શહેરના હરીફ ઈન્ટર મિલાનને 4-1ના કુલ સ્કોરથી હરાવ્યું હતું. બોલોગ્ના છેલ્લે 1974માં કપ ફાઈનલમાં પહોંચી હતી, જ્યારે તેણે સ્પર્ધામાં તેનું બીજું ટાઈટલ જીત્યું હતું. બોલોગ્નાના કોચ વિન્સેન્ઝો ઈટાલિયનો માટે આ ત્રણ સીઝનમાં ચોથી ફાઈનલ છે, જેમણે ફિઓરેન્ટીનાને છેલ્લી બે કોન્ફરન્સ લીગ ફાઈનલ અને 2023 માં કપ ફાઈનલમાં માર્ગદર્શન આપ્યું છે. કપ વિજેતા યુરોપા લીગમાં સ્થાન મેળવે છે. પરંતુ બોલોગ્ના હાલમાં સેરી A માં ચોથા ક્રમે છે અને સતત બીજી સીઝન માટે ચેમ્પિયન્સ લીગ માટે ક્વોલિફાય થવાના માર્ગ પર છે. ગયા સપ્તાહના અંતે, બોલોગ્નાએ ઈટાલિયન લીગમાં સેરી A લીડર ઈન્ટર મિલાનને 1-0થી હરાવ્યું.

વિરાટ કોહલીએ એક જ મેદાનમાં સર્વાધિક ટી-20 અર્ધસદી ફટકારવાનો એલેક્સ હેલ્સનો રેકોર્ડ તોડ્યો

બેંગલુરૂ, તા. 25 : આઈપીએલમાં ગુરૂવારે અહીંના ચિન્નાસ્વામી સ્ટેડિયમ પર રમાયેલી રાજસ્થાન રોયલ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગલોર વચ્ચેની મેચમાં 42 બોલમાં 70 રનની ઈનિંગ રમીને વિરાટ કોહલીએ ટી-20માં એક જ મેદાન પર સર્વાધિક અર્ધસદી ફટકારવાનો ઈંગ્લેન્ડના એલેક્સ હેલ્સનો રેકોર્ડ તોડ્યો હતો. કોહલીએ ગઈકાલ સાથે ચિન્નાસ્વામી મેદાન પર 36 અર્ધસદી ફટકારી છે, જ્યારે એલેક્સ હેલ્સે ટ્રેન્ટબ્રિજના મેદાન પર 25 અર્ધસદી ફટકારી છે.

આ ઉપરાંત તેણે ટી-20 ક્રિકેટમાં સર્વાધિક વાર 50+નો સ્કોર કરવા મામલે ક્રિસ ગેલને પાછળ છોડ્યો હતો, હવે માત્ર ડેવિડ વોર્નર જ તેની આગળ છે.

ટી-20માં સર્વાધિક 50+ સ્કોર

ખેલાડી	દેશ	50+ સ્કોર
ડેવિડ વોર્નર	ઓસ્ટ્રેલિયા	117
વિરાટ કોહલી	ભારત	111
ક્રિસ ગેલ	વેસ્ટઇન્ડિઝ	110
બાબર આઝમ	પાકિસ્તાન	102
જોસ બટલર	ઈંગ્લેન્ડ	95

ટી-20માં એક જ મેદાન પર સર્વાધિક અર્ધસદી

ખેલાડી	દેશ	સ્ટેડિયમ	અર્ધસદી
વિરાટ કોહલી	ભારત	એમ. ચિન્નાસ્વામી બેંગ્લુરૂ	26
એલેક્સ હેલ્સ	ઈંગ્લેન્ડ	ટ્રેન્ટબ્રિજ નોટિંઘમ	25
જેમ્સ વિન્સ	ઈંગ્લેન્ડ	રોઝ બાઉલ સાઉથેમ્પ્ટન	24
તમીમ ઇકબાલ	બાંગ્લાદેશ	શેર એ બાંગ્લા ઢાકા	23
જેસન રોય	ઈંગ્લેન્ડ	ધ ઓવલ લંડન	21

સુડોકુ - ૨૦૨૬, જાન્યુ.

					૯		૭	
૩		૭	૫		૧	૬	૪	
		૨	૮	૭	૬			૯
				૮	૨			૩
		૩	૪		૫	૮		
	૬		૭	૧				
૮	૨		૯				૩	
	૪							
૫			૧	૬			૮	૭

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૨૦૨૬-જાન્યુ ફ્રીડ્રિ

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

કૃમિ

બાળકોના રાત્રે ઊંઘમાં દાંત કચવાય, મળદ્વારે ખંજવાળ આવે તો કૃમિની શક્યતા છે. બાળરોગ નિષ્ણાતની સલાહ લો. અજમો અને ગોળ ભેળવી થોડું થોડું દર કલાકે ખવડાવો.

શબ્દગુંફન - ૬૯૫૩

અરવિંદ એસ. મારૂ



આડી ચાવી
૨. શારીરિક ઈજા, ઘા (૩)
૪. રોકડું (૩)
૬. ચળકતું, જાહેર (૩)
૭. ગ્રાહક (૩)
૮. અવાજ (૨)
૧૦. ઘા ઉપર ચોપડવાનું ઔષધ (૩)
૧૧. થોડા વાળની સેર (૨)
૧૨. એક ધાતુ (૩)
૧૪. મનોજ વાજપાઈની એક ફિલ્મ (૨)
૧૫. હંમેશાં, નિરંતર (૩)
૧૭. રસ્તો, રાહ (૨)
૧૮. પહોંચ, પાવતી (૩)
૧૯. ઈશ્વરકૃપા (૪)
૨૧. આપવું તે (૨)
૨૩. લડાઈનું હથિયાર (૨)
૨૪. ઘોડો (૩)
૨૫. મોટું ઝાડ (૪)
૨૬. પર્વત, ગિરિ (૨)
૨૮. મૃગજળ (૪)
૩૧. ઉપવાસ (૪)
૩૨. કિસ્મત, ભાગ્ય (૪)

ઊભી ચાવી
૧. એક જાતનો ક્ષાર (૪)
૨. લોકમત (૪)
૩. બહેક, સુવાસ પ્રસરવી (૫)
૪. અનુકરણ (૩)
૫. બારણું કે દરવાજો (૨)
૯. શંકા, શક (૩)
૧૩. માતા (૩)
૧૬. અનાથાશ્રમ (૫)
૧૭. પવન (૨)
૧૮. પાંદડું (૨)
૧૯. બહાનાં, આનાકાની (૪)
૨૦. મહેણું (૫)
૨૧. ગુંડાગીરી (૪)
૨૨. મૂલ્ય, કિંમત (૨)
૨૭. રચેલું, બનાવેલું (૩)
૨૮. ઈચ્છા, મરજી (૨)
૨૯. કાગડો (૨)
૩૦. ભાઈ (૨)



૨૦૨૬ - જાન્યુ ક્રોસ્વર્ડ

મેડ્રિડ ઓપન : ઇગા સ્વિટેક, કોકો ગફ અપસેટનો શિકાર થતાં બચી

મિયામીમાં જે ઇલાલા સામે હારી હતી તેની સામે મેડ્રડમાં સ્વિટેકે વાપસી કરીને મેચ જીતી

મીરા એન્ડ્રિવા, બિયા હદ્દાદ મિયા, કેઇ નિશિકોરી, જોઆઓ ફોન્સેકા, ટોમી પોલની આગેકૂચ

મેડ્રિડ, તા. 25 (એપી) : ગયા મહિને મિયામીમાં ફિલિપાઈન્સની એલેક્ઝાન્ડ્રા ઈઆલા સામે ક્વાર્ટર ફાઈનલમાં હારી ગયેલી બીજી ક્રમાંકિત ઈગા સ્વિટેકે અહીં મેડ્રિડ ઓપનમાં પોતાનો વધુ એક અપસેટ ટાળીને એ જ 19 વર્ષીય પ્રતિસ્પર્ધી ઈલાલાને 4-6, 6-4, 6-2 થી હરાવીને બીજા રાઉન્ડમાં પ્રવેશ કર્યો હતો.

ડિફેન્ડિંગ ચેમ્પિયન સ્વિટેકની નજર સિઝનની તેની પહેલી ફાઈનલ પર છે. રાફેલ નડાલ એકેડેમીના તાલીમાર્થી ઈઆલાએ મિયામીમાં સ્વિટેકને સીધા સેટમાં હરાવી હતી. અહીં પણ તેણે પહેલો સેટ જીતીને એ સંભાવના ઊભી કરી હતી, પરંતુ સ્વિટેકે તે પછી વાપસી કરીને બે સેટ જીતીને મેચ જીતી લીધી હતી.

આ તરફ કોકો ગફે પણ અપસેટ ટાળીને ખરાબ શરૂઆતમાંથી સ્વસ્થ થઈ ડાયના યાસ્ત્રેમ્સ્કાને 0-6, 6-2, 7-5થી હરાવી હતી. હવે તેનો સામનો અમેરિકાની એન લી સાથે થશે જેણે લીલા ફર્નાન્ડીઝને 6-4, 3-6, 6-4થી હરાવી હતી. સાતમી ક્રમાંકિત મીરા એન્ડ્રીવાએ મેરી બોઝકોવાને 6-3, 6-4થી હરાવી હતી. જ્યારે બ્રાઝિલની બિયા હદ્દાદ મીયાએ બર્નાર્ડ પેરાને 2-6, 6-3, 6-1થી હરાવી હતી. પુરુષ સિંગલ્સમાં માજી વિશ્વ નંબર ચાર કેઈ નિશિકોરીએ એલેક્ઝાન્ડર વુકિચને 6-4, 3-6, 6-3થી હરાવ્યો હતો. હવે તે ડેનિસ શાપોવાલોવ સામે રમશે. આ વર્ષે ટૂરમાં સનસનાટીભર્યા બનેલા 18 વર્ષીય બ્રાઝિલિયન ખેલાડી જોઆઓ ફોન્સેકાએ સેન્ટર કોર્ટ પર એલ્મર મોલરને 6-2, 6-3થી હરાવ્યો હતો, તે હવે 11મા ક્રમાંકિત ટોમી પોલ સામે બીજા રાઉન્ડમાં ટકરાશે.

નદીમને આમંત્રણ એક ખેલાડી તરીકેનું, મારી પ્રામાણિકતા પર ઉઠેલા સવાલથી દુઃખ થયું : નીરજ ચોપરા

નવી દિલ્હી, તા. 26 (પીટીઆઈ) : બે વખતના ઓલિમ્પિક્સ મેડલિસ્ટ ભાલા ફેંક એથ્લેટ નીરજ ચોપરાએ શુક્રવારે પાકિસ્તાની ભાલા ફેંકનાર અરશદ નદીમને નીરજ ચોપરા ક્લાસિકમાં ભાગ લેવા માટે આમંત્રણ આપવા બદલ તેના પર નિશાન સાધનારાઓની નિંદા કરતા કહ્યું કે તે એક ખેલાડી તરફથી બીજા ખેલાડીને આમંત્રણ હતું જે પહેલગામ આતંકવાદી હુમલા પહેલા મોકલવામાં આવ્યું હતું. ટોક્યો ઓલિમ્પિકમાં ગોલ્ડ અને પેરિસ ઓલિમ્પિકમાં સિલ્વર મેડલ જીતનાર ચોપરાએ કહ્યું કે મને એ જોઈને દુઃખ થયું કે મારી પ્રામાણિકતા પર સવાલ ઉઠાવવામાં આવી રહ્યા છે અને મારા પરિવાર સાથે પણ દુર્વ્યવહાર થઈ રહ્યો છે. નીરજે સોશિયલ મીડિયા પર એક લાંબી પોસ્ટમાં લખી હતી. તેણે લખ્યું હતું કે હું સામાન્ય રીતે વધારે બોલતો નથી પણ એનો અર્થ એ નથી કે હું ખોટા કામો સામે નહીં બોલું.

પાકિસ્તાનને 2023ના પ્રવાસના બાકી નાણા ન ચૂકવવા બદલ અઝલન શાહ કપમાં નિમંત્રણ ન મળ્યું

જોહર હોકી એસોસિએશનને 10,349 ડોલરની બાકી રકમ ન ચૂકવવાને કારણે મલેશિયન હોકી ફેડરેશને આ નિર્ણય લીધો

2023માં જોહર હોકી કપ રમવા ગયેલી પાકિસ્તાની ટીમ સાથે પીએચએફના કેટલાક અધિકારીઓ અને પરિવારો પણ ગયા હતા

કરાચી, તા. 25 (પીટીઆઈ) : મલેશિયન હોકી ફેડરેશને જોહર હોકી એસોસિએશનને 10,349 ડોલરની બાકી રકમ ચૂકવવાને કારણે પાકિસ્તાનને વાર્ષિક અઝલાન શાહ કપ માટે આમંત્રણ આપ્યું નથી. પાકિસ્તાન હોકી ફેડરેશન (પીએચએફ)ના એક સૂત્રએ જણાવ્યું હતું કે જોહર એસોસિએશને પીએચએફને એક સત્તાવાર પત્ર મોકલ્યો છે, જેમાં કડક સ્વરમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે ઓક્ટોબર 2023માં ટીમ સાથે મલેશિયા ગયેલા પીએચએફ અધિકારીઓ અને તેમના પરિવારોના રહેવા, મુસાફરી અને અન્ય ખર્ચ માટે કેટલી રકમ ચૂકવવી પડશે.

પાકિસ્તાનની ટીમ જોહર હોકી કપ રમવા માટે મલેશિયા ગઈ હતી અને પીએચએફના કેટલાક અધિકારીઓ અને તેમના પરિવારો પણ ટીમ સાથે હતા. એક સૂત્રએ જણાવ્યું હતું કે આયોજકો ટીમના રહેવાનો અને અન્ય ખર્ચ ઉઠાવવાનો હતો પરંતુ પીએચએફના અધિકારીઓને પહેલાથી કહી દેવાયું હતું કે તેમણે પોતાનો ખર્ચો જાતે ઉઠાવવો પડશે. આ અધિકારીઓ પણ એ જ વૈભવી હોટેલમાં રોકાયા હતા જ્યાં ટીમો રોકાઈ હતી. જેમાં પીએચએફના માજી પ્રમુખ પણ આમાં સામેલ હતા. જોહર એસોસિએશને પહેલાથી જ મલેશિયા ફેડરેશન સમક્ષ આ મુદ્દો ઉઠાવ્યો છે અને જો બાકી રકમ ચૂકવવામાં નહીં આવે તો આ મામલો એફઆઈએચ (આંતરરાષ્ટ્રીય હોકી ફેડરેશન) સમક્ષ લઈ જવાની ધમકી આપી છે.

આજનું પંચાંગ

તા. 26/04/2025, શનિવાર

વિક્રમ સંવત : 2081 **શાકે :** 1947
વીર સંવત : 2551 **માસ :** ચૈત્ર
તિથિ: વદ : તેરસ 08:29, ચૌદસનો ક્ષય છે
અયન : ઉત્તરાયન **ઋતુ :** ગ્રીષ્મ
રાષ્ટ્રિય દિનાંક : વૈશાખ - 06 **યોગ :** વૈધૃતિ
નક્ષત્ર : ઉ.ભા. :06:28 પછી રેવતી **કરણ :** વિષ્ટિ
રાશિ: મીન (દ.ચ.ઝ.થ.) 27:40 પછી મેષ (અ.લ.ઇ.)
દિવસ : અશુભ - શિવરાત્રી
સુરતમાં સૂર્યોદય : 06:12 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:00
નવકારસી : 07:00
પારસી વર્ષ : 1394, આદર માસનો 15મો રોજ
મુસલમાન વર્ષ : 1446, શવ્વાલ માસનો 27મો રોજ
દિવસનાં ચોઘડિયાં: કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ
રાત્રિનાં ચોઘડિયાં: લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ
રાહુ કાળ : સવારે 09:30 થી 11:00 સુધી

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ,લ,ઇ,): ગુપ્ત ભય સતાવે ધાર્મિક પ્રવાસ થાય. વિદેશના કામમાં વિઘ્નો આવે. ખર્ચા વધશે.

વૃષભ (બ,વ,ઉ,): વિજાતિય મિત્રો સાથે ગેરસમજ થાય. સંતાનો માટે યોજના બને. મિત્રોની મદદ મળે.

મિથુન (ક,છ,ઘ,): સ્ત્રી વર્ગને ઉપયોગી ચીજવસ્તુના વેપારમાં લાભ થાય. નવા કામનું આયોજન થાય.

કર્ક (ડ,હ,): ધાર્મિક મેળાવડામાં ભાગ લેવાનું બને. વિદેશમાં વિદ્યાભ્યાસ માટે કાયદાકીય મદદ મળે.

સિંહ (મ,ટ,): આંખની કાળજી રાખવી. જીવનસાથી સાથે ઘર્ષણ ટાળવું. અચાનક અશાંતિ પેદા થાય.

કન્યા (પ,ઠ,ણ,): ઘરનાં કામનો બોજ વધે. લોકોની અવરજવરથી અશાંતિ પેદા થાય. રોજનાં કામ વધે.

તુલા (ર,ત,): આરોગ્ય બાબતે ખર્ચા થાય. આંખની કાળજી રાખવી. માતાના આરોગ્યની ચિંતા રહે.

વૃશ્ચિક (ન,ય,): સંતાન અને જીવનસાથી સાથે મનોરંજન થાય. સામાજિક કામ થાય. મોજશોખનાં કામ થાય.

ધન (ભ,ધ,ફ,ઢ,): ઘરમાં ધાર્મિક પ્રસંગની અવર-જવર વધે. બહારના કામની દોડ-ધામ વધશે.

મકર (ખ,જ,): અડોશ-પડોશ સાથે વિવાદ ટાળવો પ્રવાસમાં વિઘ્નો આવે. માનસિક અશાંતિ રહે.

કુંભ (ગ,સ,શ,ષ,): ખાણી-પીણીના ધંધામાં લાભ થાય. માર્કેટીંગ અને બૌદ્ધિક કામમાં તક મળે.

મીન (દ,ચ,ઝ,થ,): માનસિક ક્રિય